ગુજરાતના રાજ્યપાલે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૯ ઉપર વિચારણા કરીને તેમના તા. ૫મી એપ્રિલ, ૨૦૧૦ના નીચે મુજબના સંદેશ સાથે વિધેયક ગુજરાત વિધાનસભાને પરત મોકલ્યું છે.

# "સંદેશો

રાજ્ય સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગે તેના તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૯ ના પત્રથી, ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૯(સન ૨૦૦૯ નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩) મારી સંમતિ માટે મોકલેલ છે.

ઉપરનું વિધેયક મારી વિચારણા હેઠળ હતું તે દરમિયાન, મને રાજકીય પક્ષો, બિન-સરકારી સંગઠનો અને પ્રજાના પ્રતિનિધિઓ તરફથી કેટલીક રજૂઆતો મળી હતી, જેમાં તેઓએ સદરહુ વિધેયક દાખલ થવાથી ઊભા થયેલ અમુક પ્રશ્નો અંગે મારું ધ્યાન દોર્યું હતું.

મેં, સંદર્ભ હેઠળના વિધેયકની જોગવાઈઓની કાળજીપૂર્વક વિચારણા કરી છે. મેં, ઉપર જણાવેલી રજૂઆતો અને તેમાં ઉપસ્થિત કરેલ પ્રશ્નોની પણ વિચારણા કરી છે. આ તમામ બાબતોની વિચારણા કર્યા પછી, સમગ્ર પ્રશ્ન અંગે મારો અભિપ્રાય નીચે દર્શાવ્યા પ્રમાણે છે :-

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૯ ( સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩ ) માં નીચે પ્રમાણેની ત્રુટિઓ છે :-

૧. વિધેયકમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ છે અને તે મહિલાઓ માટે ૫૦% અનામતની જોગવાઈ કરે છે. આ ઇચ્છનીય અને આવકારદાયક જોગવાઈ છે. તેમ છતાં, આ મહત્વની બાબતને બિન-જરૂરી રીતે ફરજિયાત મતદાનના વિવાદાસ્પદ મુદ્દા સાથે જોડવામાં આવી છે. આ હેતુ માટે અલગ વિધેયક હોત, તો તે વધુ આવકારદાયક થાત અને તે તાજેતરમાં પૂરા થયેલા વિધાનસભાના સત્રમાં જ લાવવું જોઈતું હતું.

૨. ગૃહમાં અથવા જાહેર ફોરમોમાં અથવા તાત્વિક વિચારક વર્તુળોમાં (એકેડેમિક સર્કલ્સમાં) ગંભીર ચર્ચા વિના, વિધેયકને ઉતાવળે દાખલ કરીને પસાર કરવામાં આવ્યું હોય એવું લાગે છે. ફરજિયાત મતદાન જેવા મહત્વના મુદ્દા ઉપર રાજકીય પક્ષો, સામાજિક કાર્યકરો, તાત્વિક વિચારકો અને બીજા વિચારપ્રેરકો સાથે કોઈપણ પૂર્ણ કક્ષાની ચર્ચાઓ કરવામાં આવી નથી. દૂરોગામી પરિણામો નીપજાવતાં આવા વિધેયકને, તમામ પાસાઓની પૂર્ણ કક્ષાની ચર્ચાઓ કર્યા પછી દાખલ કરવું જોઈતું હતું.

૩. મત આપવાનો અધિકાર એટલે " ઉમેદવારની તરફેણમાં કે તેની વિરુધ્ધમાં મત આપવાનો અધિકાર ". આવા અધિકારમાં તટસ્થ રહેવાના અધિકારનો પણ ગર્ભિત સમાવેશ થાય છે. તદુપરાંત, મત આપવાના અધિકારથી જુદું એવું મતદાન કરવાની સ્વતંત્રતા એ મૂળભૂત અધિકારોનું એક પાસું છે. જેમ કે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૯(૧)(ક) માં અભિવ્યકિતની સ્વતંત્રતા દર્શાવેલ છે. અભિવ્યકિતની સ્વતંત્રતામાં એ બાબત સમાવિષ્ટ છે કે મતદાર પોતાને અભિવ્યકત કરવાથી અળગો પણ રહી શકે છે અને તટસ્થ રહી શકે છે. લોકશાહી વિચારધારામાં અભિવ્યકિતની સ્વતંત્રતામાં અભિપ્રાય અભિવ્યકત ન કરવાની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે. આથી કોઇ લાયક મતદાર પોતાની અભિવ્યકિતથી અળગા રહીને અને તટસ્થ રહીને કોઇપણ ઉમેદવારની તરફેણમાં મત ન આપવાનું નકકી કરે ત્યારે, તે અભિવ્યકિતની સ્વતંત્રતાના એક ભાગ તરીકે તે પોતાનો મૂળભૂત અધિકાર વાપરે છે. અધિકાર ન વાપરવાની નાગરિકની આ સ્વતંત્રતા છે અને તેને મતદાન મથકે ઉમેદવારના સંબંધમાં તેનો અભિપ્રાય વ્યકત કરવાની ફરજ પાડી શકાય નહિ. તેના ઘરમાંથી બહાર ન નીકળવાની અને મતદાન મથકમાં દાખલ ન થવાની તેની સ્વતંત્રતા છે. મતદારોને મત ન આપવાની સ્વતંત્રતા છે. મત આપવા માટે તેમને ફરજ પાડવી એ વ્યકિત સ્વાતંત્ર્યના સિધ્ધાંતોની વિરુધ્ધ છે. વર્તમાન વિધેયક આ સ્વતંત્રતાનો ભંગ કરે છે, જેનો સંવિધાનના અનુચ્છેદ ૨૧ હેઠળ તેને અધિકાર છે. સરકારે, મતદારોને જબદસ્તીથી તેમના અંતરાત્મા વિરુધ્ધ વર્તવાની ફરજ પાડવાના વિવાદમાં પડવાની જરૂર ન હતી.

૪. મતદાર યાદીમાં તમામ લાયક મતદારોના નામોનો સમાવેશ કરવાની અથવા તમામ વ્યકિતઓને મતદાર ઓળખપત્રોની સમયસર વહેંચણી કરવાની સરકારની પોતાની ફરજને લગતી કોઇપણ જોગવાઇઓ વિધેયકમાં કરવામાં આવી નથી. તમામ લાયક મતદારો કોઇપણ મુશ્કેલી વગર મતદાન મથકે પહોંચશે અને મત આપશે એ બાબત સરકાર કેવી રીતે સુનિશ્ચિત કરશે, તે વિધેયકમાં જણાવ્યું નથી. બીજા શબ્દોમાં, ખૂટતી કડીઓની કાળજી કેવી રીતે લેવાશે એનો કોઇ ઉલ્લેખ નથી. સમગ્ર પધ્ધતિને સચોટ બનાવવા માટેની કોઇપણ જોગવાઇઓ વિધેયકમાં કરવામાં આવી નથી. તેથી, પૂરતી કાળજી અને સચોટ વ્યવસ્થા વિના આ વિધેયકને દાખલ કરવું ઇચ્છનીય નથી.

૫. ભારત સરકારે તારીખ ૧૨ મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ નીમેલી ચૂંટણીવિષયક સુધારા અંગેની દિનેશ ગોસ્વામી સમિતિએ દેશમાં ફરજિયાત મતદાન કરવાની બાબત અંગે વિચારણા કરેલી. તેને, આ વિચાર ભારતના સંવિધાનના લોકશાહી માળખા સાથે વ્યવહારૂ અથવા સુસંગત જણાયો ન હતો.

૬. ફરિજયાત મતદાનની બાબત બહુઆયામી છે અને આપણી સંસદે પણ આ બાબતોમાં કોઇ કાયદો કર્યો નથી.

૭. અનુચ્છેદ ૫૧-ક માં મૂળભૂત ફરજોની જોગવાઇ કરવામાં આવી છે. ફરજોના ભંગ અથવા તેના પાલન ન કરવા માટે, તે ફરજો બજાવવાનું નાગરિકો માટે ફરજિયાત કરવા અનુચ્છેદ ૫૧-ક હેઠળ કોઇપણ જોગવાઇ નથી.

૮. સૂચિત વિધેયકથી એવી જોગવાઇ કરી છે કે રાજય ચૂંટણી પંચ અપીલીય અધિકારીઓની નિમણૂક કરશે. તેમ છતાં, વિધેયકમાં, જેના આધારે એવા અપીલીય અધિકારીઓની નિમણૂક કરવી જોઇએ તેના કોઇ માપદંડો દર્શાવ્યા નથી. વિધેયકમાં, સ્વતંત્ર માળખા સાથેના સત્તામંડળ અથવા ટ્રિબ્યુનલ અથવા વૈધાનિક મંડળ જેવા કોઇ અલગ તંત્રની જોગવાઇ કરવી જોઇતી હતી કે જે આવી બાબતોની તજવીજ, કોઇપણ સરકારી દખલગીરી વિના યથાર્થપણે અને નિષ્પક્ષપણે કરી શકે. તદુપરાંત, વિધેયકમાં એવી જોગવાઇ કરી છે કે અપીલીય અધિકારીનો હુકમ, વિધેયકની કલમ ૧૬-ચ ની પેટા-કલમ (૨) હેઠળ આખરી અને બંધનકર્તા રહેશે. ઉપરની બાબતથી એવું જણાય છે કે રાજય સરકારે, સૂચિત સુધારાના અમલીકરણમાંની તેમની જવાબદારીઓ પરિપૂર્ણ કરવાની સ્થાનિક વહીવટીતંત્રની સક્ષમતા અને નિષ્પક્ષતાને વિચારણામાં લીધી નથી.

૯. જયાં મતદાન ફરજિયાત કરવામાં આવ્યું છે ત્યાં પણ તેનો અસરકારક અમલ શંકાસ્પદ રહયો છે. કેટલાક વિદેશી રાષ્ટ્રો જેવા કે ઓસ્ટ્રિયા, વેનેઝુએલા, નેધરલેન્ડ, સ્પેન અને ઇટાલીમાં ફરજિયાત મતદાનના વિચારનો અમલ કરાયો હતો પરંતુ તે વ્યવહારૂ ન જણાતા અંતે તેનો અમલ પાછો ખેંચ્યો છે.

૧૦. ફરજિયાત મતદાનના પગલાંથી, સામાન્યજનને તેના કોઇ કસૂર વિના સ્થાનિક અધિકારીઓની સતામણીનો ભોગ બનવું પડશે. મોટાભાગના મતદાતાઓ અશિક્ષિત છે અને છ દાયકા વિત્યા છતાં પણ તેમને પૂરતા શિક્ષિત કરવા માટે કંઇ નકકર કામગીરી કરાઇ નથી.

૧૧. આદિજાતિ વિસ્તારોમાંના સ્થાનાંતરી કામદારો કે જે રોજગારની શોધમાં તેમના ગામ છોડી ગયા હોય તેમણે ચૂંટણીના સમયે મત આપવા તેમના ગામોમાં પરત આવવું પડશે. તેમનામાંથી મોટાભાગના એક યા બીજા કારણસર ચૂંટણીના સમયે તેમના મત આપવા આવી શકવા સમર્થ ન હોઇ શકે. આનાથી ત્યારપછીની ચૂંટણીમાં તેમનો મતાધિકાર છીનવાવો ન જોઇએ. આ પાસા અંગે આ વિધેયકમાં કોઇ ઉલ્લેખ નથી. વધુમાં ફરજિયાત મતદાનની જોગવાઇથી તેમને માત્ર ભારે હાડમારી પડશે એટલું જ નહિ પરંતુ તેમના કામના સ્થળેથી આવવા અને જવામાં ખર્ચ કરવાની પણ તેમને ફરજ પડશે.

૧૨. આના જેવું જ વિધેયક અલમોડા (ઉત્તરાંચલ) માંથી ચૂંટાયેલા લોકસભાના સાંસદ **શ્રી બચ્ચીસીંઘ રાવત (ભા.જ.પ.)** દ્વારા ડિસેમ્બર, ૨૦૦૪ માં સંસદમાં દાખલ કરાયું હતું જેને કોઇ ટેકો ન મળવાથી લોકસભામાં વિસ્તૃત ચર્ચા પછી ૨૯/૦૪/૨૦૦૫ ના રોજ ધ્વનિ મતદાનથી નકારી કાઢવામાં આવ્યું હતું.

૧૩. વર્તમાન વિધેયકથી, ચૂંટણી અધિકારીને બહોળી વિવેકાધીન સત્તા અપાઇ છે અને મતદાન ન કરવા માટેના કારણોની વિચારણા કરવાની તથા નિર્ણય કરવાની અને મતદારે આપેલ કારણોની વિચારણા કરીને તેને અથવા તેણીને કસૂરદાર જાહેર કરવાની સત્તા પણ કલમ ૧૬ ખ ની પેટા-કલમ (૧), કલમ ૧૫ ખ ની પેટા-કલમ (૧) અને કલમ ૩૪ ખ ની પેટા-કલમ (૧) હેઠળ આપી છે. આમ, મતદાન ન કરનારને કસૂરદારો તરીકે જાહેર કરવાની બાબત, સ્થાનિક સ્તરે સરકારી અધિકારીઓને સોંપી છે.

૧૪. જો લાયક મતદાર, કલમ ૧૬ ક(૧) અને (૨) હેઠળ ફરમાવ્યા પ્રમાણે મતદાન કરવાની તેની ફરજિયાત જવાબદારીનું પાલન ન કરે, તો તેને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરાશે અને તેણે દંડાત્મક પગલાંનો સામનો કરવાનો રહેશે. કસૂરદાર સામે લેવાનાર આ દંડાત્મક પગલાં અંગે વિધેયકમાં કોઇ જોગવાઇ નથી અને તે બાબત રાજય સરકાર પર છોડી છે જે અંગેના નિયમો હજી ઘડવાના છે. આ બાબત નિયમ બનાવનાર સત્તામંડળ પર છોડી શકાય નહિ અને તેથી આ જોગવાઇ ભયસૂચક તેમજ ગંભીર છે. આ વિધેયક અપૂર્ણ છે. બનાવવા ધારેલ નિયમોમાં તેની વિગતો આપીને તેની પૂર્તતા થઇ શકે નહિ. આ વિધેયકમાં કસૂરદાર મતદારને શિક્ષા અંગેની જોગવાઇ માટેની અને મત આપવાની જવાબદારીનો ભંગ થવાને કારણે પરિણામો અંગેની કોઇ વૈધાનિક નીતિ દર્શાવેલ નથી. આ એક આવશ્યક વૈધાનિક કામગીરી છે અને અધિનિયમ હેઠળ કોઇ ધારાધોરણ ઠરાવેલા ન હોવાથી તે બાબત નિયમ બનાવનાર સત્તામંડળ ઉપર છોડી શકાય નહિ.

૧૫. સૂચિત વિધેયકની કલમ ૧૬ ગ ની પેટા-કલમ (૩)ની જોગવાઇ ઘણી વ્યાપક, સર્વસાધારણ અને દિશાસૂચન વિનાની છે. આનાથી સત્તાનો ગેરઉપયોગ અથવા દુરૂપયોગ થઇ શકે છે.

ઉપર્યુકત બાબતોને ધ્યાનમાં લેતાં, મારો એવો અભિપ્રાય છે કે ગુજરાત વિધાનસભા, ઉપરના મુદ્દાઓની કાળજીપૂર્વક પુનર્વિચારણા કરે તે વધુ યોગ્ય રહેશે. હું એમ પણ માનું છું કે સરકાર, ફરજિયાત મતદાનની બાબત આ વિધેયક સાથે જોડવાને બદલે સ્થાનિક મંડળોની ચૂંટણીમાં મહિલાઓને અનામત આપવાની બાબત માટેનું અલગ વિધેયક વિધાનસભા મારફત રજૂ કરે તે વધુ યોગ્ય રહેશે.

તેથી આ બાબતના તમામ પાસાઓની વાજબી અને ન્યાયી વિચારણા કર્યા પછી મારો અભિપ્રાય એવો છે કે સંદર્ભ હેઠળના સુધારા વિધેયકની ઉપર જણાવેલા એવા યોગ્ય સુધારા માટે પુનર્વિચારણા જરૂરી છે.

તદનુસાર, હું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૯ ( સન ૨૦૦૯ નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩ )ને, સંદર્ભ હેઠળની વિધેયકની જોગવાઇઓમાં યોગ્ય સુધારા માટે ગૃહ દ્વારા, પુનર્વિચારણાની ભલામણના મારા સંદેશ સાથે પરત કરૂ છું.

ડૉ. શ્રીમતી કમલા
ગુજરાતના રાજયપાલ"

વિધાનસભાગૃહ,
ગાંધીનગર.
તારીખ : ૧૭મી ઓગસ્ટ, ૨૦૧૦.

અશોક ભટ્ટ
અધ્યક્ષ,
ગુજરાત વિધાનસભા